HGH INDIA 2018 SM
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
JULY 3-5, 2018 MUMBAI, INDIA

NEWS 1

A TEXZONE Event

Where business feels at home!

# વધુ મોટી, વધુ સાહસિક ૭મી આવૃત્તિ

એચજીએચ ઈન્ડિયાની ૭મી વાર્ષિક આવૃત્તિ ભારતના ૪૭૫થી વધુ શહેરો અને નગરોના વ્યાપાર મુલાકાતીઓને આવકારવા ઉત્સુક છે.

વ્યાપાર અને સંસ્થાકીય ખરીદનારા ૩૦ દેશના ૫૫૦ ઉત્પાદકો અને બ્રાન્ડ દ્વારા પ્રદર્શિત કરવામાં આવતી હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ પ્રોડક્ટ્સના નવા કલેક્શન અને નવતર પ્રસ્તુતિને નિહાળી અને મૂલ્યાંકિત કરી શકે છે. પ્રથમવાર, એચજીએચ ઈન્ડિયા ત્રણ અલગ હોલમાં હશે, હોમ ટેક્સટાઈલ્સ (હોલ ૧), હોમ ડેકોર અને ગિફ્ટ્સ (હોલ ૨) અને હાઉસવેર એન્ડ ગિફ્ટ્સ (હોલ ૩) દરેક હોલમાં સ્પેશિયલાઈઝ્ડ કેટેગરી આવરી લેવાશે.

ભારત તથા અન્ય દેશના ૮૦થી વધુ નવા એક્ઝિબિટર્સ બેડ લીનન અને બેડીંગ્સ, ટુવાલ અને બાથરૂમના રૂમાલ, મેટ્રેસ, ફર્નિશિંગ ફેબ્રિક્સ, પડદા, બ્લાઈન્ડ્સ, ડેકોરેટિવ મેડ–અપ્સ, રગ્સ અને કાર્પેટ્સ, વિનાઈલ અને વુડન ફ્લોરિંગ, વોલપેપર્સ, હસ્તકલા, સુશોભનની એસેસરીઝ, રસોઈના વાસણો, ટેબલવેર, ગ્લાસવેર, ડેકોરેટિવ ગ્લાસ, સ્ટોરેજ, પ્લાસ્ટિકની વસ્તુઓ અને સામાન્ય ઘરવપરાશની ચીજો જેવી વિવિધ પ્રોડક્ટ કેટેગરીમાં જોડાશે. તેઓ વ્યાપાર મુલાકાતીઓ માટે નવા અને વ્યાપક શ્રેણીના વિકલ્પો રચશે. બર્ગહોફ (બેલ્જિયમ), આરસીઆર (ઈટાલી), ઈન્ટર ડિઝાઈન (યુએસએ), કોર્કમાઝ (તુર્કી), ઓન્કુ (તુર્કી), સ્પેસ ટેકનોલોજીસ (કોરિયા), મોનો સિરામિક્સ (બાંગ્લાદેશ), આયદિન (તુર્કી), ડેકોર કેમ (તુર્કી), લેઈ મિંગ (તાઈવાન), હેંગઝોઉ જિદા (ચીન) અને રેકો (શ્રીલંકા) એ કેટલીક અગ્રણી નવી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ છે જેને પ્રથમવાર પ્રદર્શિત કરાશે.

આ ઉપરાંત સ્પેસિસ, બોમ્બે ડાઈંગ, ટ્રાઈડન્ટ, ઈન્ડો કાઉન્ટ, મેસ્પર, એના સિમોના, બોરોસિલ, પેપ્સ, સ્પ્રિંગફીટ, ડાઈસીટેક્સ, જીએમ ફેબ્રિક્સ, એફએન્ડએફ, કેસી ફેબ્રિક્સ, ડેકો વિન્ડો, નેચર્સ મેનિયા, ક્લે ક્રાફ્ટ, ફ્રીલાન્સ વગેરે જેવી અગ્રણી બ્રાન્ડ જેવા નિયમિત એક્ઝિબિટર્સ પણ તેમના નવતર પ્રયોગો અને નવી પ્રોડક્ટ લાઈન્સને આગામી રીટેલ સિઝન ૨૦૧૮–૧૯ માટે પ્રસ્તુત કરવા સજ્જ છે.




એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ ખાતે હોલ ૧નું વિહંગમ દૃશ્ય.

**વર્તમાન ઓનલાઈન રજિસ્ટ્રેશન ટ્રેન્ડને જોતાં એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮ ખાતે વ્યાપાર મુલાકાતીઓમાં હજી વધારો નોંધાવાની શક્યતા છે**

વિશાળ ઘરેલુ બજાર તકોને પારખીને અગ્રણી એચજીએચ ઈન્ડિયા સંસ્થાઓ જેવીકે ઈપીસીએચ (એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડિક્રાફ્ટ્સ), એઆઈડબ્લ્યુએ (ઓલ ઈન્ડિયા વોલપેપર્સ કવરિંગ એસોસિયેશન), એચએમસીએમ (હેન્ડિક્રાફ્ટ મેગા કલસ્ટર મિશન), ઈવીએસઆઈડી (તુર્કીશ હાઉસવેર મેન્યુફેકચરર્સ એન્ડ એક્સપોર્ટર્સ એસોસિયેશન), ગોલ્ડન સીલ (તાઈવાન), એચકેટીડીસી (હોંગકોંગ ટ્રેડ ડેવલપમેન્ટ કાઉન્સિલ), ઝેજિયાંગ બોર્ડ ઈન્ટરનેશનલ (ચીન) તેમના સભ્યો માટે ગ્રુપ સહભાગીપણાનું આયોજન કરી રહ્યા છે.

ફેઈન ટ્રેન્ડની આગાહી એચજીએચ ઈન્ડિયાની સ્થાપનાથી એક અભિન્ન પાસું રહ્યું છે. #ટ્રાન્ઝીશન થીમ હેઠળ પ્રસ્તુત કરાતા ૨૦૧૮–૧૯ માટેના ટ્રેન્ડ્સને હોલ ૧ના અંતે વધુ મોટા ટ્રેન્ડ્સ પેવેલિયન ખાતે પ્રસ્તુત કરાશે. આ વર્ષના ટ્રેન્ડ્સને ચાર પેટા–થીમમાં વિભાજિત કરાયા છે જેમાં #સો.ફંકી એટ હોમ; #સોફ્ટશેડ્સ ઓફ નેચર; #કલેક્ટર્સચેમ્બર અને #સ્માર્ટ બોહેમીયાન્સનો સમાવેશ થાય છે.


ટ્રેન્ડ્સ પેવેલિયનમાં મુલાકાતીઓ ૨૦૧૮–૧૯ના નવા રંગો, ડિઝાઈન, મટિરિયલ અને સ્ટાઈલ જ નહીં શોધે, પરંતુ સાથે–સાથે આ ટ્રેન્ડ આધારિત પ્રદર્શિત થયેલા વાસ્તવિક પ્રોડક્ટ પણ હશે જેને તેઓ એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮માં વિવિધ એક્ઝિબિટર્સ પાસેથી તેમના સ્ટોર્સમાંથી મેળવી શકશે.

રીટેલર્સ, હોલસેલર્સ, ડિસ્ટ્રીબ્યુટર્સ, આયાતકારો, સંસ્થાકીય ખરીદનારા અને ડિઝાઈનર્સ દ્વારા પ્રાપ્તિના અસરકારક મંચ તરીકે સુસ્વીકૃત એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮ દ્વારા ફરીથી મુલાકાતીઓમાં ભારે ઉત્સુકતા જગાવાઈ છે. મુલાકાતીઓની પૂર્વ–નોંધણી સર્વોચ્ચ સંખ્યાને પાર કરી ગઈ છે. નોંધણી ૧૫મી જૂન સુધી ચાલુ રહેશે. વર્તમાન ટ્રેન્ડ્સને જોતા એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮માં વ્યાપાર મુલાકાતીઓની સંખ્યામાં હજી વધારો થવાની શક્યતા છે, ગત વર્ષે જેનો આંક ૩૦,૭૦૦ને પાર કરી ગયો હતો.

# આટલા વર્ષો સુધી સાતત્યપૂર્ણ વૃદ્ધિ


એક્ઝિબિટર્સમાં વૃદ્ધિ

કુલ એક્ઝિબિટર્સ





મુલાકાતીઓમાં વૃદ્ધિ


કુલ મુલાકાતીઓ




મુલાકાતીઓ (બિઝનેસ પ્રોફાઈલ)




મુલાકાતીઓ (જોબ પ્રોફાઈલ)




એક સારો ટ્રેડ શો જે આગામી તકો, પ્રોડક્ટ અને બજારના બિઝનેસ ટ્રેન્ડનું ખરું પ્રતિબિંબ રજૂ કરે છે. આ બોધપાઠને ધ્યાનમાં લેતા, એચજીએચ ઈન્ડિયા ઉત્ક્રાંતિ પામ્યું છે ભારતીય બજાર માટેના એક સફળ ટ્રેડ શોમાં, જે વ્યાવસાયિક મુલાકાતીઓ અને એક્ઝિબિટર્સ માટે વર્ષોવર્ષ સુધી કદી ખતમ ન થનારો રોમાંચ ઓફર કરે છે.

અત્યાર સુધીની છ સુવિખ્યાત વાર્ષિક આવૃત્તિઓ ધરાવનારા એચજીએચ ઈન્ડિયાએ પોતાની કેટેગરીમાં ભારતના અગ્રણી ટ્રેડ શો તરીકેની પોતાની સ્થિતિ સુદઢ કરી છે. તે એક વ્યાવસાયિક, ટ્રેન્ડ સેટિંગ ટ્રેડ શો છે જેની ડિઝાઈન ખાસ પોતાના એક્ઝિબિટર્સને ભારતીય રીટેલર્સ, ડિસ્ટ્રિબ્યુટર્સ, વ્યાપારી ખરીદનારા, ઈન્ટિરિયર ડિઝાઈનર્સ માટે તૈયાર કરાઈ છે. એક્ઝિબિટર્સ અને વ્યાપાર મુલાકાતીઓની સતત વધતી સંખ્યા એચજીએચ ઈન્ડિયાની ભારતીય બજારમાં હોમ કેટેગરીમાં વ્યાપાર કરવા માટેની ઉપયોગિતા પૂરવાર કરે છે. આજે, અગ્રણી ભારતીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ સ્વીકારે છે કે હોમ પ્રોડક્ટ્સ માટે ભારતીય ઘરેલુ બજારને ખોલવા અને વ્યાપક બનાવવામાં એચજીએચ ઈન્ડિયાની ઊંડી ભૂમિકા છે.

હોમ પ્રોડક્ટ્સ ટ્રેડ– હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટમાં એચજીએચ ઈન્ડિયાની વધતી લોકપ્રિયતા આ ટ્રેડ શોમાં એક્ઝિબિટર્સ અને મુલાકાતીઓની વધતી સંખ્યાને પ્રતિબિંબિત કરે છે.

એચજીએચ ઈન્ડિયા ખાતે એક્ઝિબિટર્સની સંખ્યા ૨૦૧૨માં ૧૪૦ હતી તે ૨૦૧૭માં ૩૫૦% વધીને ૫૦૦ થઈ છે. આ પ્રકારે જ મુલાકાતીઓની સંખ્યા ૨૦૧૨માં ૬,૧૪૦ હતી તે ૨૦૧૭માં ૫૦૦% વધીને ૩૦,૭૦૦ થઈ છે. એચજીએચ ઈન્ડિયા ઊચ્ચ ક્ષમતા ધરાવતા ભારતીય વ્યાપાર ખરીદનારા, રીટેલર્સ, હોલસેલર્સ, ડિસ્ટ્રિબ્યુટર્સ, આયાતકારો અને સંસ્થાકીય ખરીદનારા સહિતનાનું ઉચ્ચ સંભવિત ભારતીય વ્યાપાર ખરીદનારા સાથે જોડાણ કરી આપે છે.

વ્યાપક પ્રોડક્ટ કેટેગરી ધરાવતા એક્ઝિબિટર્સે સાતત્યપૂર્ણ સારા વ્યાપાર પરિણામો દર્શાવ્યા છે. આંતરરાષ્ટ્રીય અને ભારતીય એક્ઝિબિટર્સને તેમની ભારતીય બજાર પ્રસ્તુતિને વિસ્તારવા ઉચ્ચ ક્ષમતા ધરાવનારા ખરીદનારા અને લાંબાગાળાના ભાગીદારો મળ્યા છે. ૮૦%થી વધુ એક્ઝિબિટર્સ અને ૯૦%થી વધુ મુલાકાતીઓ વર્ષો વર્ષ સુધી એચજીએચ ઈન્ડિયામાં પરત આવે છે જે બંને ખરીદનારા અને વેચનારા માટે તેની મહત્ત્વતા દર્શાવે છે.

# આકાંક્ષી ભારતીય બજાર સાથે જોડે છે

ભારતમાં ૧.૩૦ અબજ લોકો વસે છે અને તેમાંના ૬૫%થી વધુ ૩૦ વર્ષથી ઓછી વયના, સુશિક્ષિત, શહેરી લોકો અને પ્રવાસ તેમજ મીડિયા દ્વારા આંતરરાષ્ટ્રીય જીવનશૈલીથી પરિચિત છે. અર્થતંત્ર સતત ૭% કરતા ઊંચા વાર્ષિક દરે વૃદ્ધિ પામી રહ્યું છે. આવા દેશમાં કે જ્યાં મોટાભાગની વસતિ સતત ઉચ્ચ વર્ગ તરફ પ્રયાણ કરી રહી છે જીવનમાં સારી ગુણવત્તાની આકાંક્ષા રાખી રહી છે. લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સની વધતી માંગ એ કુદરતી પરિણામ છે.

એચજીએચ ઈન્ડિયાની દરેક આગામી આવૃત્તિ ભારતીય ઉપભોક્તાની આંકાંક્ષિત માંગને વધુ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

વિવિધ કેટેગરીમાં જાણીતી ભારતીય બ્રાન્ડ્સ દેશભરમાં તેમના ડીલર્સ દ્વારા વ્યાપાર કરી રહી છે. તેઓ નવા ડીલર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સ સાથે પણ પ્રતિનિધિત્વ ન ધરાવતા વિસ્તારોમાં જોડાઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય એક્ઝિબિટર્સ સુસ્થાપિત તેમજ આકાંક્ષિત ડિસ્ટ્રીબ્યુટર્સ તથા બ્રાન્ડ પ્રતિનિધિઓ સાથે જોડી રહ્યા છે અને તેમને ભારતમાં તેમની બજાર ઉપસ્થિતિ વધારવામાં મદદ કરી રહ્યા છે.

જથ્થામાં ગણતરી કરવી અઘરી છે આમ છતાં રીટેલર્સ તેમના નિયમિત સપ્લાયર્સ સાથે સ્થળ પર જ મોટા જથ્થામાં વેપાર કરે છે. ઘણા



*ભારતીય યુવા મહત્વાકાંક્ષી ઉપભોક્તાઓ બ્રાન્ડેડ, લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સ પસંદ કરે છે.*

પહોંચી વળવા માટેની પ્રોડક્ટની રીટેલર્સની પસંદગીને પરાવર્તિત કરે છે. રીટેલર્સને સતત નવતર અને અર્વાચીન લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ જોઈએ છે જે યુવા, શિક્ષિત અને ખરીદશક્તિ ધરાવનારા ભારતીય ઉપભોક્તાની પહેલી પસંદ છે. સસ્તી, ઓછી કિંમતવાળી ચીજોની તુલનામાં પ્રિમિયમ અને બ્રાન્ડેડ પ્રોડક્ટની માંગ વધી રહી છે. હાઈ–એન્ડ ટેબલવેર, ગ્લાસવેર, કૂકવેર, સ્ટોરેજ, કિચન ટૂલ્સ, સ્ટોરેજ, હોમ ડેકોર એસેસરીઝ, વોલપેપર્સ, ફર્નિશિંગ ફેબ્રિક્સ અને હોમ ટેક્સટાઈલ પ્રોડક્ટ્સ ઓફર કરતા આંતરરાષ્ટ્રીય અને ભારતીય એક્ઝિબિટર્સને એક્ઝિબિટર્સ સંગઠિત રીટેલ ચેઈન્સ પાસેથી ટ્રાયલ ઓર્ડર્સ કરે છે જેનાથી નવા સ્ત્રોતો ખુલે છે જેને એચજીએચ ઈન્ડિયા એક સુગમ મંચ જણાય છે જ્યાંથી તેઓ તેમનું મર્ચેન્ડાઈઝ પ્લાનિંગ અને સોર્સિંગ વિવિધ કેટેગરીમાં કરી શકે છે.

પહેલીવાર ભારતીય એક્ઝિબિટર્સને રાષ્ટ્રીય સ્તરે ઈન્સ્ટન્ટ બજાર જોડાણ મળ્યું છે. નવી ડિઝાઈન, પ્રોડક્ટ નવીનતા અને પ્રોડક્ટ આઈડિયા અંગે એચજીએચ ઈન્ડિયાના વ્યાપારી કેન્દ્રિત વાતાવરણમાં સૌથી શ્રેષ્ઠ સંશોધન થાય છે.

## એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮: ૫૫૦ બ્રાન્ડ અને ઉત્પાદકો પાસેથી સ્ત્રોત

# ૩૦ દેશની બ્રાન્ડ્સને મળો

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮ ખાતે વ્યાપાર મુલાકાતીઓ ૩૦ દેશની પ્રોડક્ટ્સને પ્રાપ્ત કરીને તેનું મૂલ્યાંકન કરી શકે છે. અહીં પ્રદર્શિત કરાતી આશરે ૩૫% જેટલી પ્રોડક્ટ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ અને ઉત્પાદકોની હોય છે જેને તેમના ભારતીય ભાગીદારો અથવા સીધેસીધી પ્રદર્શિત કરાય છે. ભારત ઉપરાંતના ૨૯ દેશની ૧૮૫ બ્રાન્ડ પણ દર્શાવાશે. ૩૧૫ જેટલી ભારતીય બ્રાન્ડ અને ઉત્પાદકો પણ તેમની લેટેસ્ટ રેન્જને પ્રદર્શિત કરશે.


મોનો સિરામિક્સ


સ્પેસ કું. લિ.


એચડિન ઓર્મે


આઈએફઆઈ ડિઝાઈન્સ


ડીકેડબ્લ્યુ કું. લિ.


આરસીઆર ક્રિસ્ટલવેર


બર્ગહોફ

સીધેસીધી ઉપસ્થિતિ ધરાવનારી અગ્રણી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડમાં બર્ગહોફ (બેલ્જિયમ) કૂકવેર, કિચનવેર અને ટેબલવેર, આરસીઆર ક્રિસ્ટલવેર (ઈટાલી) ક્રિસ્ટલ ગ્લાસ ટેબલવેર, કોરેલી (યુએસએ) ડિનરવેર, ઈન્ટર ડિઝાઈન (યુએસએ) સ્ટોરેજ અને બાથરૂમ એસેસરીઝ, ડીકેડબ્લ્યુ (થાઈલેન્ડ) પ્લાસ્ટિક કિચનવેર, ટેબલવેર અને હાઉસવેર, ફ્રિગોન્ડાસ (કોરિયા) તેની ફ્રિગોન્ડાસ રોબોટિક ક્લિનર્સની વિશાળ રેન્જ, આઈએફઆઈ (ગ્રીસ) તેની ફર્નિશિંગ ફેબ્રિક્સ, અને કોર્કમાઝ (તુર્કી) તેની કૂકવેર, કિચનવેર અને ટેબલવેરની શ્રેણી પ્રદર્શિત કરશે.

સંખ્યાબંધ અગ્રણી તુર્કીશ ઉત્પાદકો પણ હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર અને હાઉસવેરમાં તેમની વિશાળ શ્રેણી દર્શાવશે. આમાં એચડિનના પડદાના કાપડ, શીયર્સ, એમ્બ્રોઈડરી અને લેસકર્ટેન્સ ઉપરાંત ઓન્ડુ ગ્રુપ તેના ટેબલ લિનન, વોલપેપર્સ અને ડેકોર કેમ તેના ડેકોરેટિવ ગ્લાસવેર, તિટિસ, ઉગુરલર, લુક્સ પ્લાસ્ટિક્સ, મિસ કલેક્શન, સોલમાઝર, રેન્ગા તેમના પ્લાસ્ટિક હાઉસવેર અને ડોર્ગલર તેની આયર્નિંગ બ્રાન્ડ, ક્લોથ પોલિમર્સ વગેરે દર્શાવશે.

આ ઉપરાંત ઘણા અન્ય જાણીતા આંતરરાષ્ટ્રીય ઉત્પાદકો પણ વિશાળ શ્રેણીને દર્શાવશે. અમુક અગ્રણી નામોમાં મોનો સિરામિક્સ (બાંગ્લાદેશ)ના સિરામિક અને પોર્સેલિન ડિનરવેર તથા ટેબલવેર, સ્પેસ કું. લિ. (કોરિયા)ની બ્લાઈન્ડ્સ, નામ નગાઈ (થાઈલેન્ડ)ના પ્લાસ્ટિક શુ બોક્સ, નાની ચીજોના સ્ટોરેજ બોક્સ અને ઓર્ગેનાઈઝર્સ, ઝેજિયાંગ લુલિયાન ડેકોરેશન મટિરિયલ કું. (ચીન)ના પીવીસી વોલપેપર્સ, શુગ્મા પ્લાસ્ટિક મેન્યુ. કું. (ચીન)ના કિચન સ્ટોરેજ, ફૂડ પ્રોસેસર, કિચન ગ્રેટર, હાંગઝોઉ જિડા ન્યૂ મટરિયલ્સ ટેકનોલોજી કું (ચીન)ના ફર્નિચર અને ફર્નિશિંગ માટેના સિન્થેટિક લેધર, શિજિયાઝાંગ હુમિન્ગેયલ કું. (ચીન)ની બેઝિક, ડિઝાઈનર અને ફ્રેગરન્ટ કેન્ડલ્સની વેરાઈટી, હુઈ અર્લ ચેયાંગ એન્ટરપ્રાઈઝ (તાઈવાન)ના નટક્રેકર્સ, સ્પાઈસ ગ્રાઈન્ડર્સ, કન્ટેઈનર્સ, જાર્સ, લિ મિંગ ઈન્ડસ્ટ્રીયલ કું (તાઈવાન)ના રેક્સ, ક્લોઝેટ, શૂ રેક્સ, હેંગર્સ, મલ્ટિ-પર્પઝ ટ્રોલી, મોવા ઈન્ટરનેશનલ કોર્પ. (તાઈવાન)ના ડેકોરેટિવ આર્ટ્સ, રોટેટિંગ ગ્લોબ્સ અને ખાસ ડિઝાઈન કરાયેલા ગિફ્ટ આર્ટિકલ્સનો સમાવેશ થાય છે.

ઘણી ઈન્ટરનેશનલ બ્રાન્ડે તેમના ભારતીય ભાગીદારો સ્થાપી દીધા છે કે જેઓ અહીં પ્રોડક્ટની આયાત કરીને તેનું વિતરણ કરે છે. આ બ્રાન્ડ જેવી કે નાચતામન (જર્મની), નોરિટેક (જાપાન), ફોરેસ્ટ (નેધરલેન્ડ), બર્ગનર (ઓસ્ટ્રિયા), કર્વર (લક્ઝમબર્ગ), બોર્ગોનોવો અને બોર્મિઓલી રોકો (ઈટાલી), ટ્રેડાઉ (કેનેડા), ક્લિનર (યુકે) અને ઝિમર + રહોડ (જર્મની) વગેરે છે.

# તુર્કી વિશાળ રેન્જ પ્રસ્તુત કરશે



ડેકોર કામ


ટીટીઝ પ્લાસ્ટિક


કોર્કમાઝ


સોલ્માઝર


લુક્સ પ્લાસ્ટિક


આયડિન ઓર્મે


ડોગુલર


ઓન્ડુ ગ્રુપ

તુર્કીએ આધારભૂત અને સાતત્યપૂર્ણ ઉચ્ચ ગુણવત્તાશીલ પ્રોડક્ટને ઓફર કરવા માટેની વિશ્વભરમાં સારી નામના મેળવી છે. તુર્કીની પ્રોડક્ટ બજારમાં ભલે સસ્તી ન હોય પરંતુ ભારતીય આયાતકારોને તેની ઉચ્ચ ગુણવત્તા, નવતર ડિઝાઈન અને નાણાંના વળતરનું મૂલ્ય સમજાય છે. આ કારણથી જ ભારતીય ઉપભોક્તાઓમાં તે વધુને વધુ લોકપ્રિય બ્રાન્ડ બની રહી છે.

હોલ ૩માં તુર્કીની હાઉસવેર પ્રોડક્ટ દર્શાવાશે જ્યારે હોમ ડેકોર રેન્જ હોલ ૨માં તુર્કીશ હાઉસવેર્સ મેન્યુફેક્ચરર્સ એન્ડ એક્સપોર્ટર્સ એસોસિયેશન, ઈવીએસઆઈડી દ્વારા દર્શાવાશે. ગત વર્ષનો હકારાત્મક વ્યાપાર અને તેના પરિણામો થકી એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮માં તુર્કીની વ્યાપક સામેલગીરી જોઈ શકાય છે. ગત વર્ષના ઘણા એક્ઝિબિટર્સ જેવા કે લક્સ પ્લાસ્ટિકના પ્લાસ્ટિક કિચનવેર અને બાથરૂમ એસેસરીઝ, ટીટીઝ પ્લાસ્ટિકના સ્ટોરેજ અને કિચનવેર, મિસ કલેક્શનના કિચન સ્ટોરેજ, વાસણો અને રેક, ઉગરલર પ્લાસ્ટિકની બાથરૂમ આવશ્યક ચીજો અને ડસ્ટબિન વગેરેને વધુ જગ્યા સાથે પ્રદર્શિત કરાશે.

ઘણા નવા તુર્કીશ એક્ઝિબિટર્સ પ્રથમવાર દર્શાવાશે. તેમાં ઈવીએસઆઈડી દ્વારા પ્રદર્શિત કરનારામાં સોલ્માઝરની એક્રેલિક અને કાચ આધારિત ટેબલવેર જેવી કે ઓઈલ ડિસ્પેન્સર્સ, બોટલ, ટેબલ બાઉલ, મીઠા અને મરીના ડિસ્પેન્સર્સ, બ્રેડ બોક્સ વગેરે, રેન્ગાના પ્લાસ્ટિક અને કાચ આધારિત કિચન સ્ટોરેજ, કિચન યુટિલિટી અને ટેબલવેર, એચડિનના ડેકોરેટિવ ફર્નિશિંગ, ડેકોર કેમ સાથે ડેકોરેટિવ ગ્લાસવેર, ઓન્ડુના ટેબલ લિનન અને ડોગુલરના કિચન ઓર્ગેનાઈઝર્સ, બેબી હેમોક્સ, આયર્ન બોર્ડ, હોમ એપ્લાયન્સીઝ વગેરે એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮ માટે જોડાશે અને તેનાથી ભારતીય રીટેલર્સ અને આયાતકારો માટે તેની પ્રાપ્તિ વધુ રસપ્રદ થઈ પડશે.

કોર્કમાઝ, જાણીતી આંતરરાષ્ટ્રીય તુર્કીશ બ્રાન્ડ કૂકવેર, કિચનવેર અને ટેબલવેરની રેન્જ સીધેસીધી પ્રદર્શિત કરશે.

**જુલાઈ ૩-૫, બોમ્બે એક્ઝિબિશન સેન્ટર, ગોરેગાંવ (પૂ), મુંબઈ.**

# તમામ મુલાકાતીએ સ્થળ પર નોંધણી માટે ચૂકવણી કરવી પડશે

આ આવૃત્તિથી બિન-વ્યાપારી મુલાકાતીઓના પ્રવેશને નિષેધ કરવા અને બોનાફાઈડ વ્યાપાર મુલાકાતીઓ માટે સમય અને પ્રયાસની બચત કરવા, એચજીએચ ઈન્ડિયામાં નિઃશુલ્ક મુલાકાતી પ્રવેશ માટેની પ્રણાલિ સંપૂર્ણ ઓનલાઈન થઈ ગઈ છે. હવે આ વર્ષથી મુલાકાતીઓ સ્થળ પર નિઃશુલ્ક નોંધણી કરાવી શકશે નહીં, પછી ભલેને તેમની પાસે એક્ઝિબિટર્સ અને આયોજકોના સત્તાવાર આમંત્રણ પત્રિકા કેમ ન હોય. આ કાર્ડ્સમાં સ્પષ્ટ ઉલેખ કરાયો છે તેમ મુલાકાતીએ ૧૫મી જૂન ૨૦૧૮ પહેલા ઓનલાઈન પૂર્વ-નોંધણી કરાવવી ફરજિયાત છે.

રીટેલર્સ, હોલસેલર્સ, ડિસ્ટ્રીબ્યુટર્સ, આયાતકારો, ટ્રેડર્સ, બ્રાન્ડ્સ, મેન્યુફેક્ચરર્સ, સંસ્થાકીય ખરીદનારા, ડિઝાઈનર્સ, આર્કિટેક્ટ્સ, ખરીદનારા અધિકારીઓ અને હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ સેક્ટર્સ સાથે સંકલિત વ્યાવસાયિકો ટ્રેડ શો ખાતે નિઃશુલ્ક મુલાકાતી પ્રવેશ માટે લાયક ઠરે છે. આ માટે તેમણે ૧૫મી જૂન, ૨૦૧૮ પહેલા એચજીએચ ઈન્ડિયાની વેબસાઈટ www.hghindia.com પર મુલાકાતી તરીકે પૂર્વ-નોંધણી કરાવવાની રહેશે. તેમણે વિઝિટર રજિસ્ટ્રેશન પર ક્લિક કરીને વેબસાઈટ પર દર્શાવ્યા મુજબ કરવાનું રહેશે. તેમને કોઈ મુશ્કેલી થાય તો તેમણે visitors@hghindia.com પર ઈમેઈલ કરવાનો અથવા તો ટેલિ. નં. +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧ અથવા મોબાઈલઃ +૯૧ ૯૩ ૨૧૪ ૭૫૮૮૨ પર શ્રી અંબર શર્માનો સંપર્ક કરવાનો રહેશે.

તમામ પૂર્વ-નોંધણી કરાવનારા મુલાકાતીઓએ એચજીએચ ઈન્ડિયા પર પૂર્વ-નોંધણી ડેસ્ક પર જઈને તેમના નિઃશુલ્ક એન્ટ્રી કાર્ડને વિના મૂલ્યે પ્રિન્ટ કરાવવાનો રહેશે જે તેમણે તેમના ક્યૂઆર કોડને સ્કેન કરવાનો અથવા તો એસએમએસ દ્વારા પ્રાપ્ત એસએમએસ અને ઈમેઈલ દ્વારા પ્રાપ્ત રેફરન્સ નંબર એન્ટર કરવાનો રહેશે.

પૂર્વ-નોંધણી કરાવ્યા વિના સીધા સ્થળ પર આવનારા અન્ય મુલાકાતીઓએ પ્રતિ મુલાકાતી રૂ. ૧૦૦૦/-ની સ્થળ મુલાકાત નોંધણી ફી ભરવાની રહેશે જે રોકડેથી, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ કે પેટીએમ દ્વારા ચૂકવી શકાશે.


## વ્યાપાર મુલાકાતી!

## ૧૫મી જૂન, ૨૦૧૮ સુધીમાં ઓનલાઈન રજિસ્ટર થાવ અને બચાવો રૂ. ૧૦૦૦/-ની પ્રવેશ ફી

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮નું મુંબઈ ખાતે જુલાઈ ૩-૫, ૨૦૧૮ દરમિયાન આયોજન થવાનું છે. ૫૫૦થી વધુ બ્રાન્ડ્સ અને ઉત્પાદકોની નવતર, ઊચ્ચ ગુણવત્તાશીલ પ્રોડક્ટ્સને નિહાળો...
૨૦૧૮/૧૯ માટેની ફોરકાસ્ટેડ ફેશન અને લાઈફસ્ટાઈલ ટ્રેન્ડ્સથી પ્રેરિત થાવ.
તમારા સ્પર્ધક પહેલા તમે તેને પ્રાપ્ત કરો




**હોમ ડેકોર** સિલિંગ, દિવાલો, બારી, ફ્લોર, ડેકોરેટિવ એસેસરીઝ, લાઈફસ્ટાઈલ્સ **હોમ ટેક્સટાઈલ્સ** સ્લિપિંગ, બાથ, ટેબલ એન્ડ કિચન, લિવિંગ, ફ્લોર્સ, ફર્નિશિંગ, ડેકોર.
**ગિફ્ટ્સ** કોર્પોરેટ, પર્સનલ, ફેસ્ટિવ **હાઉસવેર** કુકવેર, કિચન એપ્લાયન્સીઝ, ટેબલવેર, બાથરૂમ, મેન્ટેનન્સ, ક્લિનિંગ, સ્ટોરેજ, આઉટડોર

### માણો એક્સક્લુઝિવ લાભો

- એચજીએચ ઈન્ડિયામાં મફત પ્રવેશ મેળવો.
- પૂર્વ-નોંધાયેલા મુલાકાતી તરીકે સ્થળ પર જઈને તમારો બેજ લેવાનો સમય બચાવો. તમે તમારી ઓનલાઈન નોંધણી બાદ તમને મોકલાયેલા પૂર્વ-નોંધણી ક્યૂઆર કોડ સાથે તમારો બેજ સીધેસીધો પ્રિન્ટ કરાવી શકો છો.
- એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮ કેટલોગની એક મફત નકલ.
- એચજીએચ ઈન્ડિયાની કોમ્પ્લિમેન્ટરી હોટ લાઉન્જ, ફ્રુટ લાઉન્જ, આઈસક્રીમ લાઉન્જ, પોપકોર્ન લાઉન્જ અને શટલ બસ સર્વિસ તથા બોનાફાઈડ મુલાકાતીઓ માટેની અન્ય સુવિધાઓનો ઉપયોગ.

*આ લાભો મેળવવા અને સ્થળ પર નોંધણી ફીને બચાવવા, તમારે ૧૫મી જૂન, ૨૦૧૮ પહેલા અમારી વેબસાઈટ www.hghindia.com પર ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત છે.*

### મફત મુલાકાતી નોંધણી માર્ગદર્શિકાઓ

- મફત મુલાકાતી પ્રવેશ એ ફક્ત પૂર્વ-નોંધણી કરાવનારા બોનાફાઈડ વ્યાપાર મુલાકાતી માટે છે, જેમણે www.hghindia.com પર ઓનલાઈન નોંધણી કરાવી હશે.
- આમંત્રિત વ્યાપાર મુલાકાતીઓએ ઓનલાઈન પૂર્વ-નોંધણી નહીં કરાવી હોય તો તેઓ પણ ટ્રેડ શોના સ્થળ પર મફત નોંધણી માટે હકદાર નથી.
- ઓનલાઈન નોંધણી કરાવી ન હોય તેવા તમામ મુલાકાતીઓએ ટ્રેડ શોમાં પ્રવેશ માટે રૂ. ૧,૦૦૦/-ની સ્થળ પર નોંધણી ફી ચૂકવવાની રહેશે.
- ઓનલાઈન મુલાકાતી નોંધણી માટેની છેલ્લી તારીખઃ **૧૫મી જૂન ૨૦૧૮.**

### મફત પ્રવેશ માટેનાં પગલાં

૧. અમારી વેબસાઈટ **www.hghindia.com** પર જાવ.
૨. હોમ પેજ પર "વિઝિટર રજિસ્ટ્રેશન" પર ક્લિક કરો
૩. ઓનલાઈન વિઝિટર રજિસ્ટ્રેશન ફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરો.
૪. તમારો મુલાકાતી નોંધણી નં. અને ક્યૂઆર કોડ ઈમેઈલ અથવા એસએમએસથી મેળવો, જે તમારી નોંધણીની પુષ્ટિ કરે છે.
૫. તમારો નોંધણી નંબર અથવા ક્યૂઆર કોડ તમારા મોબાઈલ પર સાથે રાખો અથવા ટ્રેડ શો પર તેની પ્રિન્ટ કાઢીને લઈ જાવ.
૬. એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮માં હોલ ૧ અથવા હોલ ૩ ખાતે પૂર્વ-નોંધણી મુલાકાતી ડેસ્ક પર તમારો નોંધણી નંબર રજૂ કરો અથવા તમારો ક્યૂઆર કોડ સ્કેન કરાવો અને તમારો બેજ પ્રિન્ટ કરાવો.

### મહત્ત્વની નોંધો

૧) પ્રવેશ બેજ એ એચજીએચ ઈન્ડિયામાં મફત પ્રવેશ માટે તમારો અંગત અધિકાર છે જે બિલકુલ તબદિલીને પાત્ર નથી.
૨) તમે ગત વર્ષોમાં એચજીએચ ઈન્ડિયા ખાતેના નોંધાયેલા મુલાકાતી છો, તો કૃપા કરીને આયોજકો પાસેથી તમારો રેફરન્સ નં. મેળવો અને એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮ માટે તમારી ઓનલાઈન નોંધણી રિન્યુ કરાવવા તેનો જ ઉપયોગ કરો.
૩) એચજીએચ ઈન્ડિયા ૨૦૧૮ ખાતે મફત પ્રવેશ માટે, તમામ અગાઉના મુલાકાતીઓની નોંધણીનું રિન્યુઅલ ફરજિયાત છે. રિન્યુ ન કરાવાય તો સ્થળ પરની રૂ. ૧૦૦૦/-ની નોંધણી ફી ચૂકવવાપાત્ર રહેશે.
૪) એચજીએચ ઈન્ડિયા ચુસ્તપણે એક ટ્રેડ શો છે. આ કારણથી ઉપભોક્તાઓ માટે પ્રવેશને મંજૂરી નથી. કોઈ છૂટક ખરીદીને મંજૂરી નથી. તમે છૂટક ખરીદી કરતા પકડાશો તો મુલાકાતી તરીકે તમને ડિસ્ક્વોલિફાય કરવામાં આવશે.
૫) ૧૫ વર્ષથી નાની વયના બાળકોને અનુમતિ નથી.
૬) કોઈપણ મુલાકાતીને પ્રવેશ માટે મનાઈ ફરમાવવાનો આયોજકોને અબાધિત અધિકાર છે.

**વધુ માહિતી અને સહાય માટે કૃપા કરીને સંપર્ક કરો**
મુંબઈઃ ટેલિઃ +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧ ફેક્સઃ +૯૧(૨૨) ૨૪૨૧ ૪૧૧૬ | દિલ્હીઃ ટેલિઃ +૯૧ ૧૧ ૨૫૭૧ ૪૧૧૧ ફેક્સઃ+૯૧ ૧૧ ૨૫૭૧ ૪૧૧૬
અંબર શર્માઃ મોબાઈલઃ +૯૧ ૯૯ ૬૭૬ ૦૦૨૮૬ / નિકેત સેકસારિયા મોબાઈલઃ +૯૧ ૯૯ ૩૦૧ ૭૨૯૭૩. ઈમેઈલઃ visitors@hghindia.com

નોંધણી માટેઃ www.hghindia.com ■ ટેલિ. મુંબઈઃ +૯૧ ૨૨ ૨૪૨૧ ૪૧૧૧ ■ દિલ્હીઃ +૯૧ ૧૧ ૨૫૭૧ ૪૧૧૧ ■ ઈમેઈલઃ visitors@hghindia.com